રા.મ.ન.પા/દ.હ.વિ./જા.નં.૩૦૭ 　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તારીખ:- ૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામ :- શ્રી રાજુભાઈ અઘેરા, વોર્ડ નં.-૦૯.

| પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧૬(૧) | હોકર્સ ઝોનની શું પોલિસી છે અને પોલિસી બનાવેલ છે કે કેમ ? | ➢ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રા.મ.ન.પા/ જ.બો.ઠ.નં ૪૫, તા.૧૯/૧૧/૨૦૨૪ થી હોકર્સ ઝોનને લગત નિયમો બનાવવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. |

શાખા:- દબાણ હટાવ વિભાગ

શાખાધિકારીની સહી:- ..............................

શાખાધિકારીનું નામ:- પી.જે.બારીયા

હોદ્દો:- એન્ક્રોચમેન્ટ ઓફિસર

જ.બો.ઠ.નં.૪૫ તા.૧૯/૧૧/૨૦૨૪

હોકર્સ ઝોનમાં રજીસ્ટ્રેશન અને માસિક ભાડાના દરો તથા નિયમો રિવાઈઝડ કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૧૯ તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૪૫ તા.૧૨/૧૧/૨૦૨૪ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, ધ સ્ટ્રીટ વેન્ડર્સ(પ્રોટેક્શન ઓફ લાઈવલી હુડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડીંગ) એકટ-૨૦૧૪, અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારોમાં હોકર્સ ઝોન શરૂ કરવામાં આવેલ છે.

હાલમાં હોકર્સ ઝોનમાં ધંધો કરતાં ધંધાર્થીઓ પાસેથી હોકર્સ ઝોનમાં રજીસ્ટ્રેશન ફી પેટે રૂ.૧૦૦૦/- અને માસિક વહીવટી ચાર્જ રૂ.૫૦૦/- વસુલવામાં આવે છે. આ દરો તથા નિયમો ૧૦ વર્ષ જેટલા લાંબા સમય પહેલા નિયત થયેલ છે, જેથી આ દરો તથા નિયમો રિવાઈઝ્ડ કરવા જરૂરી જણાય છે. ઉપરાંત હોકર્સ ઝોનમાં હાલ સફાઈ યોગ્ય રીતે થતી ન હોઈ, હવે પછી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સફાઈ કર્મચારી નિયુક્ત કરી સફાઈની કામગીરી કરાવવા આયોજન કરેલ છે. જે વિગતે હોકર્સ ઝોન માટેના દરો તથા નિયમો રીવાઈઝ્ડ કરી નીચે મુજબ નવા દરો તથા નિયમો રાખવા યોગ્ય જણાય છે:

<u>હોકર્સ ઝોનમાં વ્યવસાય માટેના દરો અને નિયમો:</u>

| હાલના દર | સુચિત દર |
|---|---|
| ➢ હોકર્સ રજીસ્ટ્રેશન ફી રૂ.૧૦૦૦/-<br>➢ માસિક વહિવટી ચાર્જ(ભાડા પેટે) રૂ.૫૦૦/- | ➢ હોકર્સ રજીસ્ટ્રેશન ફી રૂ.૨૫૦૦/-<br>➢ માસિક વહિવટી ચાર્જ(ભાડા પેટે) રૂ.૧૫૦૦/-<br>➢ માસિક સફાઈ ચાર્જ રૂ.૫૦૦/- |

<u>નિયમો :</u>

1. તમામ હોકર્સ ઝોનમાં સફાઈની કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયુક્ત સફાઈ કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે.
2. હોકર્સ ઝોનમાં સ્વચ્છતા માટે દરેક હોકર્સે જરૂરીયાત મુજબનું ડસ્ટબીન ફરજીયાત પણે રાખવાનું રહેશે.
3. હોકર્સ દ્વારા આધાર કાર્ડ, રેશનકાર્ડ, પાસપોર્ટ સાઈઝનો ફોટો, રેકડી/કેબીન સાથેનો ફોટોગ્રાફ રજુ કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
4. હોકર્સ ઝોનમાં ધંધો કરતાં હોકર્સે દર માસની તા.૧ થી ૫ સુધીમાં માસિક વહિવટી ચાર્જ(ભાડા પેટે) રૂ.૧૫૦૦/- ભરવાનો રહેશે.
5. જે તે માસની તારીખ ૫ બાદ ભરપાઈ કરવામાં આવે તો વધારાના પ્રતિ દિવસ રૂ.૧૦૦/- મુજબ વહિવટી ચાર્જ માસિક ચાર્જ ઉપરાંત વસુલ કરવાનો રહેશે. (વધુમાં વધુ રૂ.૨૦૦૦/-ની મર્યાદામાં)
6. જે તે માસની તારીખ ૧૦ સુધીમાં વહિવટી ચાર્જ(ભાડું) નહી ભરનાર હોકર્સની રેકડી/કેબીન જપ્ત કરવામાં આવશે.
7. હોકર્સ દ્વારા સતત ત્રણ માસનું માસિક ભાડું ભરવામાં ન આવે તો તે કિસ્સામાં હોકર્સનું રજીસ્ટ્રેશન ડોર્મન્ટ(મૂર્છિત) કરવામાં આવશે.
8. ડોર્મન્ટ(મૂર્છિત) રજીસ્ટ્રેશન એક્ટિવ કરવા માટે રૂ.૨૫૦૦/- વહિવટી ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે.
9. જો હોકર્સ દ્વારા સતત 6 માસ સુધી ભાડુ ભરપાઈ કરવામાં ન આવે તેવા કિસ્સામાં હોકર્સનું રજીસ્ટ્રેશન કાયમી ધોરણે રદ કરવામાં આવશે.
10. રજીસ્ટ્રેશન રદ થયેલ હોકર્સ જો પુન: રજીસ્ટ્રેશન કરવા માંગતા હશે તો તેવા કિસ્સામાં રૂ.૫૦૦૦/- રજીસ્ટ્રેશન ચાર્જ વસુલી રજીસ્ટ્રેશન કરી આપવામાં આવશે.
11. હોકર્સ ઝોનમાં રાઈડ્સ, મંડપ, અને કોઈપણ પ્રકારના ફિક્સ સ્ટ્રકચરની મંજુરી આપવામાં આવશે નહી.
12. હોકર્સ ઝોનમાં દરેક હોકર્સને એક રેકડી/કેબીનની જગ્યા મુજબ મહત્તમ 4 X 8 ફુટની જગ્યા જ ફાળવવામાં આવશે.

ઉપરોક્ત બાબતે હાલના દરો તથા નિયમોમાં સુચવ્યા મુજબ ફેરફાર કરી નવા દરો તથા નિયમો લાગુ કરવાની મંજુરી અંગે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લઇ પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સ્ટે.ક.ઠ.નં.૩૪૫ તા.૧૨/૧૧/૨૦૨૪ અન્વયે, હોકર્સ ઝોનમાં રજીસ્ટ્રેશન અને માસિક ભાડાના દરો તથા નિયમો રિવાઈઝડ કરવાના કામે, હોકર્સ ઝોનમાં નિર્દેશ કર્યા મુજબના દરો તથા નિયમો લાગુ કરવાનુ મંજુર કરી, ઘટીત નિર્ણય અર્થે આગામી તા.૧૯/૧૧/૨૦૨૪, મંગળવારના રોજ યોજાનાર સામાન્ય સભાની મિટીંગમાં અરજન્ટ બીઝનેશ તરીકે રજુ કરવા ભલામણ કરવામાં આવેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૪૫ તા.૧૨/૧૧/૨૦૨૪ લક્ષમાં લેતા, હોકર્સ ઝોનમાં રજીસ્ટ્રેશન અને માસિક ભાડાના નીચે દર્શાવ્યા મુજબના દરો તથા નિયમો લાગુ કરવાનુ મંજુર કરવામાં આવે છે.

હોકર્સ ઝોનમાં વ્યવસાય માટેના દરો:

| હાલના દર | કમિશનરશ્રી દ્વારા સુચિત દર | સ્ટેન્ડિંગ કમિટી/જનરલ બોર્ડ દ્વારા મંજુર કરાયેલ દર |
|---|---|---|
| ➢ હોકર્સ રજીસ્ટ્રેશન ફી રૂ.૧૦૦૦/-<br>➢ માસિક વહિવટી ચાર્જ (ભાડા પેટે) રૂ.૫૦૦/- | ➢ હોકર્સ રજીસ્ટ્રેશન ફી રૂ.૨૫૦૦/-<br>➢ માસિક વહિવટી ચાર્જ (ભાડા પેટે) રૂ.૧૫૦૦/-<br>➢ માસિક સફાઈ ચાર્જ રૂ.૫૦૦/- | ➢ હોકર્સ રજીસ્ટ્રેશન ફી રૂ.૧૦૦૦/-<br>➢ માસિક વહિવટી ચાર્જ (ભાડા પેટે) રૂ.૫૦૦/-<br>➢ માસિક સફાઈ ચાર્જ રૂ.૫૦૦/- |

<u>નિયમો :</u>

1. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયુક્ત સફાઈ કર્મચારીઓ દ્વારા તમામ હોકર્સ ઝોનમાં સફાઈની કામગીરી કરવામાં આવશે.
2. હોકર્સ ઝોનમાં સ્વચ્છતા માટે દરેક હોકર્સે જરૂરિયાત મુજબનું ડસ્ટબીન ફરજીયાતપણે રાખવાનું રહેશે.
3. હોકર્સ દ્વારા આધાર કાર્ડ, રેશનકાર્ડ, પાસપોર્ટ સાઈઝનો ફોટો, રેકડી/કેબીન સાથેનો ફોટોગ્રાફ રાજકોટ મહાનગરપાલિકામાં રજુ કરી, રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
4. હોકર્સ ઝોનમાં ધંધો કરતાં હોકર્સે દર માસની તા.૧ થી ૫ સુધીમાં માસિક વહિવટી ચાર્જ(ભાડા પેટે) રૂ.૫૦૦/- રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઇ કરવાના રહેશે.
5. જે તે માસની તારીખ ૫ બાદ ભરપાઈ કરવામાં આવે તો માસિક ચાર્જ ઉપરાંત, વધારાના પ્રતિ દિવસ રૂ.૧૦૦/- મુજબ વહિવટી ચાર્જ વસુલ કરવાનો રહેશે. (વધુમાં વધુ રૂ.૨૦૦૦/-ની મર્યાદામાં)
6. જે તે માસની તારીખ ૧૦ સુધીમાં વહિવટી ચાર્જ(ભાડું) નહી ભરનાર હોકર્સની રેકડી/કેબીન જપ્ત કરવામાં આવશે.
7. હોકર્સ દ્વારા સતત ત્રણ માસનું માસિક ભાડું ભરવામાં ન આવે તો તે કિસ્સામાં હોકર્સનું રજીસ્ટ્રેશન ડોર્મન્ટ(મૂર્છિત) કરવામાં આવશે.
8. ડોર્મન્ટ(મૂર્છિત) રજીસ્ટ્રેશન એક્ટિવ કરવા માટે રૂ.૨૫૦૦/- વહિવટી ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે.
9. જો હોકર્સ દ્વારા સતત ૬ માસ સુધી ભાડુ ભરપાઈ કરવામાં ન આવે તેવા કિસ્સામાં હોકર્સનું રજીસ્ટ્રેશન કાયમી ધોરણે રદ કરવામાં આવશે.
10. રજીસ્ટ્રેશન રદ થયેલ હોકર્સ જો પુન: રજીસ્ટ્રેશન કરવા માંગતા હશે તો તેવા કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.૫૦૦૦/- રજીસ્ટ્રેશન ચાર્જ વસુલી, પુન: રજીસ્ટ્રેશન કરી આપવામાં આવશે.
11. હોકર્સ ઝોનમાં રાઈડ્સ, મંડપ, અને કોઈપણ પ્રકારના ફિક્સ સ્ટ્રકચરની મંજુરી આપવામાં આવશે નહી.
12. હોકર્સ ઝોનમાં દરેક હોકર્સને એક રેકડી/કેબીનની જગ્યા મુજબ મહત્તમ 4 X 8 ફુટની જગ્યા જ ફાળવવામાં આવશે.

આ ઠરાવની વહીવટી મંજુરી આપેલ છે. કમિશનરશ્રીનું કાર્યાલય

દ.મૂ.(સહી) ભાવેશભાઈ દેથરિયા
ટે.આ.(સહી) પુષ્કર પટેલ

સર્વાનુમતે મંજુર

(સહી)શ્રીમતી નયનાબેન પેઢડીયા
મેયર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

**પ્રમાણિત નકલ**

(ડૉ.એચ.પી.રૂપારેલીઆ)
મ્યુનિસિપલ સેક્રેટરી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

રા.મ.ન.પા/એસ્ટેટ/જા.નં- ૯૩૧

તા.૧૫/૦૭/૨૦૨૬

વિષય :- તા.૨૦/૦૭/૨૦૨૬ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

વોર્ડ નં-૦૯

સભ્યશ્રીનું નામ :- રાજુભાઇ અઘેરા

| પ્રશ્ન નં | પેટા પ્રશ્ન નં ( જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૬ | ૦૨ | હોર્ડીંગ અને કિયોસ્ક બોર્ડની હાલમાં કેટલી એજન્સી કેટલી કામ કરી રહી છે અને નવી સાઇટ માટેનું કોઇ આયોજન છે કે નહિ. | રાજકોટ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ સાથે કુલ ૯૦ ખાનગી/ટેન્ડર/કિયોસ્ક બોર્ડની એજન્સી કામ કરી રહી છે.<br><br>વિગત / એજન્સી:<br>ટેન્ડર સાઇટ — ૧૧<br>કિયોસ્ક બોર્ડ — ૦૫<br>ખાનગી બોર્ડ — ૭૪<br>કુલ એજન્સી — ૯૦<br><br>રાજકોટ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા હાલ અલગ અલગ ૧૧૮ લોકેશન પર હોર્ડીંગ બોર્ડ/કિયોસ્ક બોર્ડ દ્વારા જાહેરાત પ્રધિધ્ધ કરવામાં આવેલ છે. જેની ફાળવણી થયે નવી સાઇટો માટે ટેન્ડર પ્રકિયા હાથ ધરવામાં આવશે. |

| વિગત | એજન્સી |
|---|---|
| ટેન્ડર સાઇટ | ૧૧ |
| કિયોસ્ક બોર્ડ | ૦૫ |
| ખાનગી બોર્ડ | ૭૪ |
| કુલ એજન્સી | ૯૦ |

શાખાધિકારીની સહિ. ............Gandhi

શાખા :- એસ્ટેટ

શાખાધિકારીનું નામઃ એમ.એ.ગાંધી

હોદ્દો :- મેનેજર

રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઓ./જા.નં. : ૬૦૯ તા.૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ: શ્રી રાજુભાઈ અઘેરા વોર્ડ નં.૦૯

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૬ | ૩ | આખા રાજકોટમાં ટી.પી.સ્કીમ અલગ અલગ કેટલા પ્લોટ છે કેટલા પર દબાણ છે અને કેટલા ખાલી પ્લોટ છે અને ખાલી પ્લોટમાં શું આયોજન છે. | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં મંજુર થયેલ પ્રારંભિક નગર રચના યોજના તથા આખરી નગર રચના યોજના મળીને કુલ ૪૨ નગર રચના યોજના આવેલ છે. સદરહું નગર રચના યોજનાઓ અંતર્ગત જુદા-જુદા હેતુ માટેના કુલ ૧૬૨૦ અનામત પ્લોટો આવેલાં છે. જે પૈકી કુલ ૫૪૪ પ્લોટ ખાલી આવેલ છે. તેમજ કુલ ૩૬૮ પ્લોટમાં દબાણ આવેલ છે. ઉપરોક્ત અનામત પ્લોટ પૈકી ખાલી આવેલ પ્લોટો જુદા-જુદા હેતુ માટેના હોય, રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ દ્વારા વિકાસ કામગીરી કરવા અર્થે જરૂરિયાત મુજબ સદરહું અનામત પ્લોટોની જમીનની માંગણીઓ સમયાંતરે કરવામાં આવતી હોય છે. અને તે મુજબ અનામત પ્લોટની જમીન ફાળવવાની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેથી વિદિત થવા વિનંતી છે. |

શાખાધિકારીની સહી ..........................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર